# એકમ મુજબ સચિત્ર બાળપોથી

નમસ્કાર પ્રજ્ઞા શિક્ષક ભાઈઓ તથા બહેનો,

આશા રાખું છું કે આ ફાઈલ આપને ખૂબ ઉપયોગી થશે. પ્રજ્ઞા અભિગમ મુજબ એકમ વાર સચિત્ર બાળપોથીનું વાચન ધોરણ – ૨ મા કરાવવામાં આવે છે. શાળાદીઠ સચિત્ર બાળપોથી માત્ર બે આપવામાં આવેલ છે. ઘણી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા તેના સાપેક્ષમા ઘણી વધુ છે ત્યારે એક બાળક સચિત્ર બાળપોથીનું વાચન કરતો હોઈ ત્યારે અન્ય બાળકો બેસી રહે છે. કારણ કે વર્ગના તમામ બાળકો એક જ એકમ શીખતા હોતા નથી. આ સમસ્યા નિવારવા માટે અને બાળકોને ઘરે પણ મહાવરો થઈ શકે તેથી આ એકમ મુજબ સચિત્ર બાળપોથી તૈયાર કરેલ છે. આ ફાઈલ વિદ્યાર્થીની સંખ્યા મુજબ કલર ઝેરોક્ષ કરાવીને લેમીનેશન કરાવી વર્ગમાં રાખી શકાય અથવા વિદ્યાર્થીઓને ઝેરોક્ષ કરાવીને ઘરે વધુ મહાવરા માટે આપી શકાય. આગળ ના પેજ પર અનુક્રમણિકા આપેલ છે જેથી શિક્ષકને ખ્યાલ રહે કે કયા એકમમાં ક્યાં મૂળાક્ષરના શબ્દો આવે છે. અનુક્રમણિકા માત્ર માર્ગદર્શન માટે આપેલ છે.


ફાઈલ બનાવનાર

**સુમિત જેઠવા**

**ફાઈલના માર્ગદર્શક અને પ્રેરક**

**ચૌધરી ભરતકુમાર**

શોભાસણ પ્રાથમિક શાળા, તાલુકો અને જીલ્લો – મહેસાણા


visit my blog or scan code

www.shikshansagar1.blogsopt.com

SCAN ME

# અનુક્રમણિકા


| એકમ | ચિત્ર સંલગ્ન વાક્યોનું વાચન |
|---|---|
| ૧૦ | કમળ થી ઘોડિયું |
| ૧૧ | ચકલી થી ઝાંઝર |
| ૧૨ | ટપાલી થી ઢોલક |
| ૧૩ | ઘણ થી દૂધી |
| ૧૪ | ધજા થી ફૂલ |
| ૧૫ | બટાકા થી યોગ |
| ૧૬ | રાખડી થી અષાઢી બીજ |
| ૧૭ | સગડી થી જ્ઞાનેન્દ્રિય |
| ૧૮ | મૂળાક્ષરનો ક્રમ ( કક્કો ), ગુજરાતી સ્વર અને બારાક્ષરીનો ક્રમ |
| ૧૯ | અજગર થી અંકુર |

## એકમ – ૧૦

| | |
|---|---|
|  | કમળનું ફૂલ સુંદર હોય છે. તે ગુલાબી રંગનું હોય છે. પોયણું સફેદ રંગનું હોય છે. કમળ તળાવ કે સરોવરમાં ઊગે છે. કમળ સૌનું ગમતું ફૂલ છે. |
|  | કીડી નાનકડી હોય છે. તે સમુહમાં રહે છે. જમીનમાં દર બનાવે છે. તે ખૂબ મહેનતુ હોય છે. |
|  | કૂકડો સુંદર પક્ષી છે. તેને માથે કલગી હોય છે. કુકડાની પાંખો રંગબેરંગી હોય છે. તે વહેલી સવારે કુકડે - કુક બોલે છે. |
|  | કેરી મજાનું ફળ છે. કેરીનો રસ સૌને ભાવે છે. કાચી કેરી લીલી અને પાકી કેરી પીળી હોય છે. કેરી ફળોનો રાજા છે. |
|  | ખલ પથ્થરનો હોય છે. ખલનો ઉપયોગ રસોડામાં થાય છે. તેમાં આદુ-મરચાં વાટવામાં આવે છે. |
|  | ખાટલો લાકડાનો હોય છે. ખાટલો સુવામાં કામ આવે છે. ખાટલો દોરી અથવા પાટીથી ભરવામાં આવે છે. |
|  | ખુરશી બેસવાના કામમાં આવે છે. ખુરશી લાકડાની, લોખંડની કે પ્લાસ્ટિકની પણ હોય. ખુરશીને ચાર પાયા હોય છે. |
|  | ખેડૂત ખેતી કરે છે. તે અનાજ પકવે છે. તે શાકભાજી પણ ઉગાડે છે. તે ખૂબ મહેનત કરે છે. |


| | |
|---|---|
|  | કુતરાના બચ્ચાને ગલુડિયું કહેવાય છે. ગલુડિયું કાબરચીતરા, ધોળા, રાતા અને કાળા રંગનું હોય છે. બાળકોને ગલુડિયા બહુ ગમે છે. |
|  | ગાજરનો રંગ લાલ હોય છે, તે જમીનની અંદર થાય છે, ગાજર ખાવાની મજા પડે, ગાજરનો હલવો તો સૌને ભાવે. |
|  | ગુફા એટલે પહાડોમાં આવેલી બખોલ. તે જંગલી પ્રાણીઓનું ઘર છે. વાઘ - સિંહ ગુફામાં રહે છે. |
|  | ગુલાબ એક સુંદર ફૂલ છે. તે ગુલાબી, લાલ કે સફેદ રંગનું હોય છે. તે સુંદર દેખાય છે. તેની સુગંધ સૌને ગમે છે. |
|  | માણસના રહેઠાણ ને ઘર કહેવામાં આવે છે. તે માટી કે ઈંટ - ચૂના કે સિમેન્ટનું હોય છે. ઘર ઠંડી ,ગરમી અને વર્ષાથી આપણને બચાવે છે. ઘર સૌને ગમે છે. |
|  | ઘુવડ પક્ષી છે. તેની આંખો ગોળ હોય છે. તે રાતે જ જોઈ શકે છે. |
|  | ઘોડા વડે ચાલતી ગાડી એટલે ઘોડાગાડી. તેમાં બેસવાની ખૂબ મજા આવે છે. તે બગીચામાં અને ફરવાના સ્થળોએ જોવા મળે છે. |
|  | ઘોડિયું લાકડાનું હોય છે. તેમાં નાના બાળકને સુવડાવવામાં આવે છે. બાળકને ઘોડિયામાં સુવાની મજા આવે છે. |

## એકમ – ૧૧

| | |
|---|---|
|  | ચકલી નાનકડું અને સુંદર પક્ષી છે. તે આંગણામાં જોવા મળે છે. તે રાખોડી રંગની હોય છે. તે અનાજના દાણા ખાય છે. |
|  | ચબુતરો પંખીઓને દાણા નાખવા ની જગ્યા ને ચબૂતરો કહે છે. ગામના ચોકમાં ચબૂતરો હોય છે. પંખીઓ ચણ ચણવા માટે ચબૂતરે આવે છે. |
|  | ચોપડીને પુસ્તક પણ કહેવાય.તે કાગળ માંથી બને છે. ચોપડી વાંચવા માટે ઉપયોગી છે.કેટલીક ચોપડીઓમાં ચિત્રો પણ હોય છે |
|  | ચંપલ પગમાં પહેરાય છે. તેને પગરખું પણ કહેવાય. ચંપલ ચામડા કે રબર ના હોય છે. |
|  | છત્રી ચોમાસામાં કામ લાગે. તે વરસાદથી આપણું રક્ષણ કરે છે. છત્રી રંગબેરંગી અને નાની-મોટી મળે છે. |
|  | છાણ ગાય ભેસ ના મળ ને છાણ કહે છે. છાણમાંથી ખાતર બને છે. છાણમાંથી થાણા બને છે. તે બળતણ તરીકે કામ લાગે છે. |
|  | છાબડી વાંસની હોય છે.છાબડીમાં નાની વસ્તુઓ મૂકવામાં આવે છે. છાબમાં ફૂલ, ફળ અને શાકભાજી પણ રાખવામાં આવે છે. |
|  | છીપલા નદી સમુદ્રમાંથી મળે છે. છીપલામાંથી ઝુમ્મર ઘરેણા જેવી સુશોભનની વસ્તુઓ છે. બાળકોને છીપલા ગમે છે. |


| | |
|---|---|
|  | જમરૂખ ફળ છે. તે લીલા રંગનું હોય છે. સ્વાદમાં મીઠું હોય છે. |
|  | જમીન આપણે જેની પર રહીએ છીએ તેને જમીન કહેવાય. જમીન કઠણ હોય છે. જમીન પર ખેતી થાય છે. જમીન પર મકાનો પણ બને છે. |
|  | જહાજ લાકડાંમાંથી બને છે. તે ખૂબ મોટું હોય છે. જહાજ દરિયાના પાણીમાં તરે છે. |
|  | જામફળ શિયાળાનું ફળ છે. કાચું જામફળ લીલુ અને પાકું પીળા રંગનું હોય છે. જામફળ સ્વાદે મીઠા હોય છે. |
|  | ઝરણું ડુંગર કે પર્વતમાંથી નીકળે છે. તેનું વહેતું પાણી ચોખ્ખું હોય છે. તે જોવું ખૂબ ગમે છે. તે ખળખળ વહે છે. |
|  | ઝાકળ વહેલી સવારે આકાશમાંથી પાણીના બિંદુ વર્ષે તેને ઝાકળ કહેવાય. ઘાસ પર પડેલા ઝાકળબિંદુ મોતી જેવા લાગે. સવારે ઘાસ પર ચાલીએ તો ઝાકળથી પગ ભીંજાઈ જાય. |
|  | ઝાડ છાયડો આપે છે. તે ફળ ફૂલ આપે છે. લીમડો આંબો બાવળ ઝાડ કહેવાય ઝાડના પાન લીલાં હોય છે. |
|  | ઝાંઝર એક ઘરેણું છે. સ્ત્રીઓ પગમાં ઝાંઝર પહેરે છે. ઝાંઝર ચાંદીનાં  કે ધાતુનાં હોય છે. ઝાંઝરનો  છમછમ અવાજ ગમે છે. |

# એકમ – ૧૨

| | |
|---|---|
|  | ટપાલી પોસ્ટ ઓફિસમાં કામ કરે છે. ટપાલી નું કામ ટપાલ વહેંચવાનું છે. તે સમાજનો સેવક કહેવાય. |
|  | ટમેટાં ટમેટું લાલ રંગનું હોય છે કાચું ટમેટું લીલા રંગનું હોય છે ટમેટાં સ્વાદમાં ખાટું મીઠું લાગે છે. |
|  | ટેબલ લાકડાનું કે પતરાનું હોય છે. તે લખવાના કામમાં આવે છે. ખુરશી સાથે ટેબલ ઉપયોગી છે. |
|  | ટોપી માથે પહેરે છે. ઊન કે સુતરાઉ કાપડ ની ટોપી બને છે. ગરમીમાં ટોપી રક્ષણ આપે છે. તે ઠંડીમાં પણ કામ લાગે છે. |
|  | ઠળિયો કઠણ હોય છે. તે બોર વગેરે ફળો માંથી નીકળે છે. તે બીજ પણ છે. ઠળિયો વાવીએ તો ઝાડ થાય. |
|  | ઠામ એટલે વાસણ. ઠામ જુદા જુદા પ્રકારના હોય. થાળી વાટકો ચમચી વગેરે ઠામ કહેવાય. ઠામ સ્ટીલ પીતળ કે તાંબાના હોય. |
|  | ઠીકરુ માટી ના વાસણ નો ભાગ પેલો નાનકડો ટુકડો ઠીકરું કહેવાય. અગાઉના સમયમાં ઠીકરા શરીર પરનો મેલ કાઢવા વપરાતા. |
|  | ઠંડી શિયાળાની ઋતુમાં ઠંડી પડે છે. ઠંડીમાં આપણે ગરમ કપડાં પહેરીએ છીએ. |

| | |
|---|---|
|  | ડબ્બામાં લોટ, અનાજ જેવી વસ્તુઓ ભરવામાં આવે છે. તે ઘરવપરાશની ઉપયોગી વસ્તુ છે. |
|  | ડમરું સંગીતનું એક સાધન છે. મદારી પણ ડમરું રાખે છે. ડમરું ડમ-ડમ વાગે છે. તેનો અવાજ કાનને ગમે છે. |
|  | ડુંગર ઉંચો હોય છે. ડુંગરને પહાડ કે પર્વત પણ કહેવાય. ડુંગર સુંદર લાગે છે. |
|  | ડુંગળી શાકભાજી છે. તેને કંદમૂળ પણ કહેવાય. તે સુકી અને લીલી પણ હોય છે.તેનું કચુંબર બનાવાય. |
|  | ઢગલો અનાજ, રેતી કે બરફનો હોય છે. વધુ વસ્તુઓનો ઢગલો બને છે. ઢગલો નાનો પણ હોય  અને મોટો પણ હોય. |
|  | જુના જમાનામાં સૈનિકો ઢાલનો ઉપયોગ કરતા હતા. તેઓ તલવાર કે બાણથી બચવા ઢાલ આગળ ધરતા. ઢાલ ધાતુ કે ચામડામાંથી બનતી. |
|  | ઢેલ પક્ષી છે. મોર અને ઢેલ સાથે જોવા મળે છે. ઢેલને રંગ-બેરંગી પીંછા હોતા નથી. ઢેલ ઈંડા મુકે છે. |
|  | ઢોલક સંગીતનું સાધન છે. તે અંદરથી પોલું હોય છે. ઢોલકની બંને બાજુએ ચામડું લગાવવામાં આવે છે.તે નાની લાકડી કે હાથ વડે વગાડવામાં આવે છે. |

# એકમ – ૧૩

| | |
|---|---|
|  | મોટા હથોડા ને ઘણ કહેવાય. ઘણ લુહાર નું ઓજાર છે. વિવિધ નાના-મોટા ઓજારો બનાવતી વખતે લુહાર ઘણ થી લોખંડને એરણ પર રાખી ટીપે આકાર આપે. |
|  | ગાયોના સમૂહ ને ઘણ કહે છે. ઘણ ઘાસ ચરીને સાંજે ગામમાં પાછું ફરે ત્યારે જ મંદિરની ઝાલર વાગતી હોય. ગાયોના ઘણ ની હરિયો ખરીઓ થી ધૂળ ઊડે એટલે જ આ સમય ને ગોરજટાણું કે ગોધૂલી વેળા પણ કહેવાય છે. |
|  | બાણને તીર પણ કહેવાય. બાણની ભાથા માં રાખવામાં આવે છે. બાણ જૂના જમાનાનું હથિયાર છે. બાણ અણીદાર હોય. બાણને ધનુષ્ય પર ચઢાવીને છોડવામાં આવે છે. |
|  | જમીનના અનેક સ્વરૂપો છે ક્યાંક વન હોય, ક્યાંક મેદાન હોય કે ક્યાંક રણ પણ હોય. રણ માં રેતી જ રેતી હોય. ઊંટ રણમાં પણ ચાલી શકે છે. |
|  | તડબૂચ એક ફળ છે. તે ઉપરથી લીલુ અને અંદરથી લાલ હોય છે. તે ઉનાળામાં થાય છે. તડબૂચ સ્વાદે ગળ્યું હોય છે. |
|  | તપેલી રસોઈ કરવાનું સાધન છે. તપેલીમાં દાળ , ભાત કે શાક બનાવવામાં આવે છે . તપેલી નાની કે મોટી હોય છે. |
|  | તાળું સ્ટીલ કે લોખંડમાંથી બને છે. દરવાજે તાળું મારવામાં આવે છે. તે ચાવીથી ખુલે છે. તાળાથી ઘરનું રક્ષણ થાય છે. |
|  | તોરણ ઘરના બારણે લટકાવવામાં આવે છે. તોરણ આંબો, આસોપાલવ, કે બીજા વૃક્ષના પાંદડામાંથી બને છે. લગ્ન પ્રસંગે કે તહેવારોમાં પણ તોરણ લટકાવવામાં આવે છે. તોરણ ઘરને શોભા આપે છે. |

| | |
|---|---|
|  | થડ વૃક્ષનો જ ભાગ છે. તે મજબુત હોય છે. થડ જાડું હોય છે. થડના લાકડામાંથી ખુરશી, ટેબલ બને છે. |
|  | થાળી ગોળ હોય છે. જમવા માટે આપણે થાળીનો ઉપયોગ કરીએ છીએ. |
|  | થાંભલો સિમેન્ટનો હોય છે. મકાન બનાવવા, પુલ બનાવવા થાંભલો ઉપયોગી છે. તાર, ટેલીફોન કે વીજળી માટે થાંભલો જરૂરી છે. |
|  | થેલો કપડાં અને બીજી વસ્તુઓ ભરવાના કામમાં આવે છે. તે ઘર વપરાશની વસ્તુ કહેવાય. બહારગામ જવું હોઈ તો થેલાની જરૂર પડે છે. |
|  | દર્પણ કાચનું બનેલું હોય છે. તે માથું ઓળવા તેમજ ચહેરો જોવાના કામમાં આવે છે.દર્પણ ને અરીસો પણ કહેવાય છે. |
|  | દાડમ ગુણકારી ફળ છે. તે રંગે લાલ હોય છે. દાડમના દાણામાંથી મધુર રસ નીકળે છે. |
|  | દીવાદાંડી દરિયાકિનારે હોય છે. તે ઉંચી હોય છે. તેના દીવાનો પ્રકાશ દરિયામાં દુર સુધી દેખાય છે. |
|  | દુધી શાકભાજી છે. તે લાંબી હોય છે. તેનો વેલો હોય છે. દુધીમાંથી હલવો, થેપલાં, મુઠીયા બને છે. |



# એકમ – ૧૪

| | |
|---|---|
|  | ધજા મંદિર પર જોવા મળે છે. ધજા કાપડ માંથી બને છે.ધજા હવામાન ફરકતી હોય છે. |
|  | ધનુષ્ય હથિયાર છે. ખભે ભરાવી શકાય છે. જૂના જમાનામાં તેનો ઉપયોગ થતો હતો. |
|  | ધોકો લાકડાનો બને છે. તે કપડાં ધોવામાં ઉપયોગી છે. તે ઘર વપરાશની વસ્તુ છે. |
|  | ધોબી કપડાં ધોવે છે. નદી કિનારે , પથ્થર કે ઘાટ પર તે કપડાં ધુએ છે. ધોબી કપડાંને ઈસ્ત્રી કરી આપે છે. |
|  | નખ હાથની અને પગની આંગળીઓમાં નખવ હોય છે. ટેરવા નું રક્ષણ કરે છે. નખ નિયમિત કાપવા જોઈએ. |
|  | નર્સ દવાખાનામાં કામ કરે છે. તે દર્દીની સેવા કરે છે. સાર સંભાળ લે છે. ડોક્ટરને મદદ કરે છે. તે સફેદ કપડાં પહેરે છે. |
|  | નારંગી નારંગી એક ફળ છે. તેનો રંગ લીલો કે પીળો હોય છે. તેનો રસ ખટ મીઠો હોય છે. તે દડા જેવી ગોળ હોય છે. |
|  | નાળિયેરી નાળિયેરી વૃક્ષ છે. તે દરિયા કિનારે વધુ જોવા મળે છે. તે ઊંચું વૃક્ષ છે. તેનું ફળ નાળિયેર કહેવાય છે. |

| | |
|---|---|
|  | પતંગ કાગળ અને વાંસની સળીમાંથી બને છે. તેને દોરી લગાવવાથી આકાશમાં ઊડે છે. પતંગ રંગબેરંગી અને જુદાજુદા આકારના હોય છે. |
|  | પોપટ પક્ષી છે. તેનો રંગ લીલો હોય છે. તેના ગળામાં કાંઠલો હોય છે. પોપટ મીઠું મીઠું બોલે છે. |
|  | વૃક્ષ-વનસ્પતિને પાંદડાં હોય છે. પાંદડાં રંગે લીલાં હોય છે. પાંદડાંથી જ આપણને વૃક્ષનો છાંયડો મળે છે. |
|  | પંખો વીજળીથી ચાલે છે. પંખાને ત્રણ ચાર પાંખીયા હોય છે. પંખો ફરવાથી ઠંડો પવન આવે છે. પંખો ગરમીમાં ખૂબ ઉપયોગી છે. |
|  | ફાનસ અજવાળું આપે છે. તે કેરોસીનથી સળગે છે. ફાનસમાં કાચનો ઉપયોગ થાય છે. પહેલાના જમાનામાં ફાનસનો ઘણો ઉપયોગ થતો હતો. |
|  | ફુગ્ગા જુદા જુદા રંગના હોય છે. ફુગ્ગામાં હવા ભરવામાં આવે છે. બાળકોને ફુગ્ગા બહુ જ ગમે છે. |
|  | ફીરકી લાકડાની બને છે. ફિરકીમાં દોરી વીંટવામાં આવે છે. પતંગ ચગાવવામાં ફીરકી ઉપયોગી છે. |
|  | ફૂલ સુંદર અને સુગંધીદાર હોય છે. ફૂલ જુદા-જુદા રંગના હોય છે. મંદિરમાં તથા શુભ પ્રસંગે ફૂલનો ઉપયોગ થાય છે. |

## એકમ – ૧૫


| | |
|---|---|
|  | બટાકા શાકભાજી છે. તે કંદમૂળ છે. તે જમીનની અંદર થાય છે. બટાકામાંથી વેફર અને કાતરી પણ બને છે. |
|  | બરણી વસ્તુઓ ભરવા ઉપયોગી છે. બરણીમાં અથાણું , કઠોળ તથા મરચું મીઠું ભરવામાં આવે છે. બરણીમાં ચીજવસ્તુઓ સચવાયેલી રહે છે. |
|  | બસ ઉપયોગી વાહન છે. લોકો બસમાં મુસાફરી કરે છે. ડ્રાઈવર બસ ચલાવે છે. બસમાં કન્ડકટર ટીકીટ આપે છે. |
|  | બુટ ને પગરખા પણ કહેવાય. તે ચામડાના અને કેનવાસનાં બને છે. બુટ પગ ના માપ પ્રમાણે બને છે તે પગનું રક્ષણ કરે છે. |
|  | ભમરડો લાકડાનો રંગબેરંગી હોય છે. ભમરડો ફેરવવા દોરી જોઈએ. તે પોતાની અણી પર ફરે છે. તે ફેરવવાથી આંગળીઓને કસરત મળે છે. |
|  | ભાનુ એ સૂર્યનું એક નામ છે. ભાનુ પૂર્વમાં ઉગે છે. તે તારો છે. ભાનુ આપણને ગરમી અને પ્રકાશ આપે છે .તેથી સૌ તેને દેવ માને છે. |
|  | ભીંડા શાકભાજી છે. તે લાંબા અને પાતળા આંગળી જેવા આકારના હોય છે. ભીંડા રંગીલા અને ચીકણા હોય છે. |
|  | ભેંસ એક પ્રાણી છે. તે દૂધ આપે છે . ભેંસ નો ખોરાક ઘાસ છે.તેને શિંગડાં હોય છે. તે કળા કે ભૂરા રંગની હોય છે. |

| | |
|---|---|
|  | મગફળી જમીનની અંદર થાય છે. મગફળી ફોલીને સીંગદાણા કાઢવામાં આવે છે. તેના દાણામાંથી સીંગતેલ ને ખારીસીંગ બને છે. |
|  | માટલામાં પાણી ભરવામાં આવે છે. તે માટીનું બને છે. તેણે લાલ રંગ લગાવવામાં આવે છે. માટલામાં પાણી ઠંડુ રહે છે. |
|  | પક્ષીઓના રહેઠાણને  માળો કહે છે. મોટાભાગે તે ઝાડ પર જોવા મળે છે. પક્ષીઓ માળામાં ઈંડા મુકે છે. માળામાં તે બચ્ચાંનો ઉછેર કરે છે. |
|  | મીણમાંથી મીણબત્તી બને છે. તેના વચ્ચે દિવેટ હોય છે. તે અજવાળું આપે છે. મીણબત્તી જુદા જુદા આકારમાં ને રંગમાં મળે છે. |
|  | યકૃત આપના શરીરનું મહત્વનું અંગ છે. તે જઠરની સહેજ ઉપર આવેલું હોય છે. યકૃતને કાળજું પણ કહેવાય છે. યકૃત પાચનક્રિયામાં મદદરૂપ બને છે. |
|  | યતી એટલે જૈનમુની તે સફેદ કપડાં પહેરે છે. યતી મોઢે રૂમાલ બાંધે છે. યતી અહિંસામાં માને છે. |
|  | યજ્ઞોપવીત એટલે ઉપવીત-જનોઈ. બ્રાહ્મણ જનોઈ પહેરે. જનોઈ સુતરની હોય. રક્ષાબંધન કે મકરસંક્રાંતિએ યજ્ઞોપવીત બદલી શકાય. |
|  | યોગ એટલે જોડવું. એકવીસમી જુને વિશ્વયોગ દિનની ઉજવણી થાય છે. યોગ કરવાથી શરીરની તંદુરસ્તી જળવાય છે. યોગથી મનણી એકાગ્રતા પણ વધે છે. |

# એકમ – ૧૬


| | |
|---|---|
|  | રક્ષાબંધનના દિવસે રાખડી બાંધવામાં આવે છે. બહેન ભાઈને રાખડી બાંધે છે. રાખડી કીધા જુદા આકાર અને રંગના હોય છે. |
|  | રિક્ષામાં બેસી એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાય છે. તેને ત્રણ  પૈડા હોય છે. તેનો રંગ કાળો કે લીલો હોય છે. |
|  | રેલગાડી ખૂબ લાંબી હોય છે. તે લોખંડ ના પાટા પર ચાલે છે.  તે ખૂબ જ ઝડપથી દોડે છે. રેલ ગાડીમાં બેસવાની મજા આવે છે. |
|  | રોટલો બાજરી, જુવાર કે મકાઈના લોટ માંથી બને છે. માટીની કલાડી માં બનતો રોટલો સૌને ભાવે છે. તે સ્વાદમાં મીઠો લાગે છે. |
|  | લખોટી કાચની હોય છે. તેનો આકાર ગોળ હોય છે. તે જુદા જુદા  રંગની હોય છે .બાળકો લખોટીથી રમે છે. |
|  | લપસણી બગીચામાં હોય છે. લપસણી પરથી બાળકો લપસવાનો આનંદ લે છે. તેની પર ચડવા સીડી મૂકેલી હોય છે. |
|  | લાડુ વાનગી છે. તે સ્વાદે  ગળ્યો હોય છે. તે ગોળ હોય છે . લાડુ સૌને ભાવે છે. |
|  | લુહાર લોખંડમાંથી ઓજાર બનાવે છે. તે લોખંડ ને ગરમ કરી હથોડા વડે ટીપી ને ઘાટ આપે છે. તે સાણસી ,ચીપિયા અને ખેતીનાં ઓજારો બનાવે છે. |



| | |
|---|---|
|  | વડ ઘટાદાર વૃક્ષ છે. વડને વડવાઈ હોય છે.વડને લાલ ટેટા આવે છે. ટેટા વડનું ફળ કહેવાય. |
|  | વાઘ જંગલી પ્રાણી છે.  તે જંગલમાં રહે છે. તે અન્ય પ્રાણીઓનો શિકાર કરે છે. વાઘના શરીરે પટ્ટા હોય છે. |
|  | ગાયના બચ્ચાને વાછરડું  કહે છે. તે ઘાસ ખાય છે. વાછરડું મોટું થતા ગાય કે બળદ બને છે. |
|  | વાંસળી સંગીતનું સાધન છે. વાંસળીના સુર સંભાળવા ગમે છે. વાંસળી ફૂંક મારવાથી વાગે છે. તે અંદરથી પોલી હોય છે. |
|  | શંખ નદી કે દરિયામાંથી મળે છે. તેમાં ફૂંક મારવાથી વાગે છે. શંખનો આવાજ કાનને ગમે એવો હોય છે. શંખ મંદિરમાં વગાડવામાં આવે છે. |
|  | શિયાળ જંગલી પ્રાણી છે. તે દેખાવે કુતરા જેવું હોય છે. શિયાળ ચાલક પ્રાણી કહેવાય છે. |
|  | શિક્ષક ભણાવે છે. તે વિદ્યા આપે છે. તેથી ગુરુ કહેવાય છે. શિક્ષકને બાળકો પ્રિય હોય છે. |
|  | શેરડી લાકડી જેવી લાંબી હોય છે. તેના ચોક્કસ અંતરે ગાંઠ આવે છે. તે સ્વાદમાં ગળી હોય છે. શેરડીના રસમાંથી ગોળ અને ખાંડ બને છે. |

| | |
|---|---|
|  | ષટ્કોણ એક આકાર છે. તેને છ ખૂણા હોય છે. ઘડિયાળ, બંગડી, કાનની બુટ્ટી વગેરેમાં આપણને ષટ્કોણ જોવા મળે છે. |
|  | ચાર ખૂણા ધરાવતી બંધ આકૃતિને ચતુષ્કોણ કહે છે. લંબચોરસ અને ચોરસ પણ ચતુષ્કોણ જ છે. ટેબલ, પુસ્તક, નોટબુક, બ્લેકબોર્ડ વગેરેમાં આપણને ચતુષ્કોણ જોવા મળે છે. |
|  | મૂષક એટલે ઉંદર. મૂષક નાનું પ્રાણી છે. તે દરમાં રહે છે. મૂષકના દાંત ઘણા જ અણીદાર હોય છે. પણ હા, મૂષક બિલાડીથી ખૂબ ડરે. |
|  | અષાઢી બીજ એટલે અષાઢ મહિનાની બીજ. અષાઢી સુદમાં આવતી બીજ કચ્છના લોકોનું નવું વર્ષ છે.અષાઢ માસમાં ચોમાસું બેસે છે. ખેડૂતો વાવણીની તૈયારી અષાઢી બીજથી કરે છે. |

# એકમ – ૧૭

| | |
|---|---|
|  | સગડી સ્ટીલ કે લોખંડની હોય છે. તે માટીમાંથી પણ બને છે. તે રસોઈ બનાવવાના કામમાં આવે છે. તે બીજલી કે કોલસાથી શકે છે. |
|  | સાબુ શરીરની ચોખ્ખાઈ માટે સાબુ કામ લાગે છે. તે નાહવા માં , કપડાં ધોવા કે વાસણ માંજવા માં વપરાય છે. અલગ અલગ રંગ અને સુગંધ ના સાબુ બજારમાં મળે છે. |
|  | સાપ કાળા કે કાબરચિતરા રંગના હોય છે. સાપ ઝેરી પ્રાણી છે , પરંતુ બધા સાપ ઝેરી હોતા નથી. સાપનો ખોરાક દેડકા અને ઉંદર છે. તેથી તે ખેડૂત નો મિત્ર ગણાય છે. |
|  | સિસોટી બાળકને ગમતું રમકડું છે. પોલીસ તેનો ઉપયોગ કરે છે. રમતોમાં પણ તેનો ઉપયોગ થાય છે. તેનો તેનો અવાજ દૂર સુધી સંભળાય છે. |
|  | હરણ વન્ય પ્રાણી છે. તે ઘાસ ખાય છે. તેના શરીરે ટપકાં હોય છે . તે દેખાવમાં સુંદર લાગે છે. તે દોડવામાં ઝડપી છે . |
|  | હળ ખેતીનું સાધન છે. તે લાકડાનું બનેલું હોય છે. તે એક છેડે અણીદાર હોય છે. હળની સાથે બળદ જોડી ખેતી થાય છે. |
|  | હાથી જમીન પર નું સૌથી મોટું પ્રાણી છે. તે જંગલમાં રહેનાર પ્રાણી છે, આથી ઘાસ અને ઝાડનાં પાન ખાય છે. હાથીના બચ્ચાને મદનીયુ કહે છે . |
|  | હીંચકો સૌને ગમે છે. હીંચકા ખાવાથી ઠંડો પવન વાય છે. બાળકોને હીંચકો ખૂબ ગમે છે. |

| | |
|---|---|
|  | કાળીયાર એક પ્રકારનું હરણ છે. તેનો રંગ કાળો હોય છે. પેટ પર સફેદ રંગ હોય છે. તે તૃણાહારી પ્રાણી છે. |
|  | ગોળ સ્વાદે ગળ્યો હોય છે. ગોળ શેરડીમાંથી બને છે. ગોળ મીઠાઈ તેમજ અન્ય રસોઈ બનાવવામાં વપરાય છે. |
|  | ચોળી એક શાકભાજી છે. ચોળીની સીંગો હોય છે. સીંગને ફળી પણ કહેવાય. ચોળી કઠોળ કહેવાય. |
|  | બળદ ખેતીમાં ઉપયોગી પ્રાણી છે. તે શક્તિશાળી હોય છે. તે ખેડૂતનો સાથી છે. તેણે ચાર પગ, બે શીંગડા ને એક પૂછડું હોય છે. બળદ ખેડૂતના આંગણાની શોભા કહેવાય. |
|  | ક્ષ કિરણ ખાસ પ્રકારનું કિરણ  છે. જેનો ઉપયોગ તબીબી ક્ષેત્રે રોગનું નિદાન કરવા માટે થાય છે. જોકે, તેનો વધુ પડતો ઉપયોગ નુકસાનકારક છે. |
|  | ક્ષિતી એટલે પૃથ્વી. દુર સુધી નજર નાખતાં આપણી આંખને પૃથ્વી અને આકાશ એક થઈ ગયા હોય એવું દેખાય છે, જેને ક્ષિતિજ કહે છે. હકીકતમાં એવું હોતું નથી. ક્ષિતિજ કાલ્પનિક રેખા છે. |
|  | ક્ષત્રિયનો ધર્મ પ્રજાના રક્ષણનો છે. ક્ષત્રિય અસ્ત્ર – શસ્ત્ર ચલાવી જાણે. સૌનું રક્ષણ કરવા ક્ષત્રિય વીરતાથી શત્રુનો પ્રતિકાર કરે. |
|  | સાવ નાની વનસ્પતિ છોડ કહેવાય. ક્ષુપ છોડ કરતા મોટા અને વૃક્ષ કરતા નાના હોય. એરંડા, બોરડી, પપૈયા વગેરે ક્ષુપ કહેવાય. તુલસી પણ ક્ષુપ છે. |

<table>
<tr><td></td><td>વિજ્ઞાન એટલે સવિશેષ જ્ઞાન. વિજ્ઞાન અનુભવનું જ્ઞાન પણ છે. વિજ્ઞાન મનુષ્ય માટે વરદાનરૂપ છે. વિવિધ શોધખોળો વિજ્ઞાનને જ આભારી છે.</td></tr>
<tr><td></td><td>યજ્ઞને હવન પણ કહેવાય છે. ઋષિ-મુનીઓ યજ્ઞો કરતા. યજ્ઞ તન-મન અને વાતાવરણની શુદ્ધિ માટે કરવામાં આવતા. યજ્ઞનો એક અર્થ સેવા માટે કરેલું કર્મ પણ થાય છે.</td></tr>
<tr><td>
</td><td>વિજ્ઞાપન એટલે નિવેદન કે વિનંતી. વિજ્ઞાપનને જાહેરખબર પણ કહેવાય.વિજ્ઞાપન દ્વારા લોકોને જરૂરી માહિતી આપી શકાય. વિજ્ઞાપન આકાશવાણી, દુરદર્શન કે છાપાં દ્વારા થાય છે. વિજ્ઞાપન લોકજાગૃતિનું કાર્ય કરે છે.</td></tr>
<tr><td>
</td><td>જ્ઞાનેન્દ્રિય દ્વારા સંવેદના થાય છે. આંખ, કાન, નાક, જીભ અને ત્વચા એ પાંચ જ્ઞાનેન્દ્રિય છે. આપણે માટે જ્ઞાનેન્દ્રિયોનું ઘણું જ મહત્વ છે.</td></tr>
</table>

# એકમ – ૧૮

## કક્કો ( મૂળાક્ષર ) નો ક્રમ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ક | ખ | ગ | ઘ | ચ | છ | જ | ઝ | ટ |
| ઠ | ડ | ઢ | ણ | ત | થ | દ | ધ | ન |
| પ | ફ | બ | ભ | મ | ય | ર | લ | વ |
| શ | ષ | સ | હ | ળ | ક્ષ | જ્ઞ | | |

## ગુજરાતી ભાષાના સ્વર


| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| અ | આ | ઈ | ઈ | ઉ | ઊ | ઋ | એ |
| ઐ | ઓ | ઔ | અં | અ : | | | |

## બારાક્ષરીનો ક્રમ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક | કા | કિ | કી | કુ | કૂ | કે | કૈ | કો | કૌ | કં | કઃ |
| ખ | ખા | ખિ | ખી | ખુ | ખૂ | ખે | ખૈ | ખો | ખૌ | ખં | ખઃ |

## એકમ – ૧૯

| | |
|---|---|
|  | અજગર એટલે મોટો સાપ. તે ઘણો જ લાંબો હોય છે. તેના નાના-નાના પ્રાણીઓને ગડી જાય છે. અજગર લાકડાના થડ ને વીંટળાઈ જાય છે. અજગરના શરીર પર ધબા હોય છે. |
|  | આંકડો એક વનસ્પતિ છે. તે ભગડા ખેતરમાં ઉગે ગામના પાદરમાં પણ આંકડા ઉગે. આંકડાની ઘણા પાંદડા હોય આંકડાનો રસ સફેદ હોય છે. |
|  | ઈમારત એટલે મોટું મકાન. હવેલીને પણ ઈમારત કહેવાય. શહેરોમાં મોટી મોટી ઈમારતો હોય છે. લાલ કિલ્લો અને તાજ મહેલ આપણી અનમોલ ઈમારતો છે. |
|  | ઈદ મોટો તહેવાર છે. ઇદને દિવસે મુસલમાન ધર્મ પાળતા લોકો નમાજ પઢવા ઇદગાહ માં જાય. ઇદગાહ એટલે ઈદની નમાઝ પઢવાનું સ્થાન. |
|  | આ ઉદ્યાન છે. ઉદ્યાન ને બાગ કે બગીચો પણ કહેવાય. ઉદ્યાનમાં અનેક વૃક્ષો છોડને વેલા હોય. જાતજાતના ફળ ફૂલો પણ હોય. ઉધાનમાં બેસવાની અને રમવાની મજા આવે. |
|  | ઘેટા ના વાળને ઊન કહેવામાં આવે છે. ઊન આપણને બહુ ઉપયોગી છે. ઊનમાંથી મફલર ટોપી અને સ્વેટર જીવન ગરમ કપડા બને છે. ઊન આપણને ઠંડી સામે રક્ષણ આપે છે. |
|  | ઋષિ વનમાં રહે. ઈશ્વરનું નામસ્મરણ કરે . ઋષિ ઉપદેશ આપે કે સારા બનો, સારા કાર્યો કરો. |
|  | એરણ લુહારની કોઢમાં હોય છે. તે લોખંડની હોય છે. એરણ પર દાતરડું, કુહાડી કે કોદાળી મૂકીને લુહાર તેને ટીપી ને ઘાટ આપે છે. |

| | |
|---|---|
|  | ઐરાવત એટલે હાથી . ઈન્દ્રના હાથીને ઐરાવત કહે છે. તે એક રત્ન છે. તેને એક કરતાં વધુ સૂંઢ હોય છે એવું માનવામાં આવે છે. |
|  | ઓશીકું એક ઉપયોગી વસ્તુ છે. તે સૂતી વખતે માથા નીચે રાખવામાં આવી છે. ઓશીકુ આરામ દાયક હોય છે. તેમાં રૂ વપરાય છે. |
|  | ઔષધ એટલે દવા માંદા પડીએ ત્યારે ડોક્ટર આપણને ઔષધ આપે. ખાવાપીવામાં કાળજી રાખીએ તો માંદા ન પડાય અને ઔષધ લેવું પડે. |
|  | ખેતરમાં બીજ વાવીએ પછી તેને અંકુર ફૂટે છે. અંકુરને ફણગો પણ કહેવાય. અંકુર જોવાની મજા આવે. |